## પ્રકરણ - (૩)

### પાણિનિએ ઉલ્લેખેલા નટસૂત્રો :

પ્રસિદ્ધ વૈયાકરણ પાણિનિ (ઇ.સ.પૂર્વે ૭૦૦) પોતાના વ્યાકરણ વિષયક ગ્રન્થ અષ્ટાધ્યાયીમાં સાહિત્યના વિવિધ પ્રકારોમાં દૃષ્ટ, પ્રોક્ત, ઉપજ્ઞાત, કૃત તથા વ્યાખ્યાનનો સમાવેશ કરે છે.

પ્રોક્ત સાહિત્ય એટલે એવું સાહિત્ય કે જેના સર્જનમાં વૈદિક ચરણોના સંસ્થાપક ઋષિઓએ ભાગ લીધો હોય. પ્રોક્ત સાહિત્યમાં (૧) છન્દ ગ્રંથો એટલે કે વેદોની અલગ અલગ શાખાઓ (૨) બ્રાહ્મણ ગ્રંથો (૩) કલ્પ અથવા શ્રૌત સૂત્રો કે જેનો વેદાંગમાં સમાવેશ થાય છે. એમ ત્રણ પ્રકારના સાહિત્યની ગણના કરવામાં આવી છે.

પ્રોક્ત સાહિત્યની અંતર્ગત પાણિનિએ બે પ્રકારના લૌકિક સૂત્રગ્રન્થોનો વિશેષ ઉલ્લેખ કર્યો છે. પારાશર્ય અને કર્મન્દના ભિક્ષુસૂત્ર તથા શિલાલિ અને કૃશાશ્વના નટસૂત્ર.

પારાશર્ય શિલાલિભ્યાં ભિક્ષુનટસૂત્રયો : । ૪-૩-૧૧૦

કર્મન્દકૃશાશ્વાદિનિ: । ૪-૩-૧૧૧

પારાશર્યે કહેલા ભિક્ષુસૂત્રને ભણનારા ભિક્ષુઓ પારાશરિન કહેવાયા. શિલાલિએ કહેલા નટસૂત્રને ભણનારા શૈલાલિન કહેવાયા. (પતંજલિ લખે છે પારાશરિણો ભિક્ષવ:, શૈલાલિનો નટા: )

બધા ટીકાકારો સહમત છે કે પારાશરિણ: અને શૈલાલિન: એ બે ચરણોના નામ હતાં. વૈદિક યુગમાં વેદો અને તેની સાથે સંકળાયેલ અન્ય સાહિત્યનું શિક્ષણ આપતી સંસ્થાઓ અર્થાત્ વૈદિક વિદ્યાપીઠો 'ચરણ'ના નામથી ઓળખાતી જેનું નામ તેના આદ્ય સ્થાપકના નામ પરથી પાડવામાં આવતું. આમ 'શૈલાલિન' એ નાટ્યવિષયક શિક્ષણ આપતી વૈદિક વિદ્યાપીઠ - ચરણ - હતી.

શૈલાલિન ચરણનો ઉદ્ભવ મૂળ ઋગ્વેદના ચરણ શૈલાલકમાથી થયો હોવાનું માનવામાં આવે છે, જેની સ્થાપના શૈલાલક નામના કોઇ આચાર્યે કરી હતી. જેમણે શૈલાલક બ્રાહ્મણ નામનો બ્રાહ્મણગ્રંથ પણ રચ્યો હતો. અપસ્તમ્બ શ્રૌત સૂત્ર ( 4 - 4 - 7 ) માં શૈલાલક બ્રાહ્મણનો ઉલ્લેખ પણ થયો છે.

'શૈલાલક ચરણ'માં અભ્યાસ કરનારા શિષ્યોની બે પરંપરા હતી.

(૧) <u>શૈલાલા :</u>

કે જેઓ માત્ર વૈદિક ગ્રંથોનું અધ્યયન કરતા હતાં. કાત્યાયને પણ તેમને શૈલાલા: કહયા છે. (૪-૪-૧૪૪). બ્રાહ્મણ ગ્રંથોમાં શૈલાલા: સંજ્ઞા પ્રયુકત થયેલી જોવા મળે છે. શતપથ બ્રાહ્મણમાં (૧૩/૫.૩.૩) ધાર્મિક વિધિ કરાવનાર આચાર્ય- ritual teacher - ને શૈલાલા: કહેવામાં આવ્યા છે. જૈમિનિય ઉપનિષદ્ બ્રાહ્મણ (૧/૨.૩, ૨/૪.૬) તથા આપસ્તંબ શ્રૌત સૂત્રમાં પણ શૈલાલા: સંજ્ઞાનો પ્રયોગ થયો છે. આમ શૈલાલા: એ શિષ્યસમુદાય હતો કે જે શૈલાલક ચરણની અંતર્ગત વૈદિક ક્રિયાકાંડો તથા વૈદિક ગ્રંથોનો અભ્યાસ કરતો હતો. આ ઉપરાંત બીજો શિષ્ય સમુદાય તે :

(૨) <u>શૈલાલિન :</u>

કે જે નાટ્યવિદ્યાનું અધ્યયન કરતો. શૈલાલક ચરણની અંતર્ગત તે વૈદિક ક્રિયાકાંડ નહીં પરંતુ નટસૂત્રોનો અભ્યાસ કરતો.

આમ શૈલાલિન ચરણનું મૂળ ઋગ્વેદના શૈલાલક ચરણમાં રહ્યું હોવાનું જણાય છે. ડો.વાસુદેવશરણ અગ્રવાલ તેમના પુસ્તક પાણિનિ કાલિન ભારતવર્ષ (પૃ.૩૦૮-૩૦૯) માં જણાવે છે તે પ્રમાણે પારાશર્ય અને શૈલાલક ચરણોનો સંબંધ મૂળે ઋગ્વેદ સાથે હતો. થોડા કાળ પછી જ્યારે નવા નવા વિષયો ઉદ્ભવ્યા ત્યારે પારાશર્ય ચરણના આચાર્યોએ ભિક્ષુસૂત્ર અર્થાત્ વેદાન્તસૂત્રના અધ્યયનનો પાયો નાખ્યો તથા શિલાલી ચરણના આચાર્યોએ નટસૂત્રોનું નિર્માણ કર્યું. આ બનેય વિષયો મહત્વના અને લૌકિક હતાં. જો તેમનો મૂળ સંબંધ વૈદિક

ચરણોથી ન હોત તો પાણિનિ આદિ કૃત શાસ્ત્રોનું જેવી રીતે નામ પડયું તેવી રીતે તેમનું નામકરણ પણ થાત. આ નવા વિષયોને એ બંને ચરણોના આચાર્યોએ એટલા ઉત્સાહથી ગ્રહણ કર્યા કે તેમનાથી સંબંધિત વૈદિક ગ્રંથોના નામ લુપ્ત થઇ ગયા. તેમની ખ્યાતિ કેવળ આ નવા વિષયોના કારણેજ લોકમાં પ્રસરી. એવો પણ સંભવ ખરો કે તેમના વૈદિક ગ્રન્થોમાં એ મૌલિકતા ના રહી હોય અને કોઇ અન્ય વૈદિક ચરણની શાખાનેજ આચાર્ય શિલાલીએ શિખી-શિખવાડી હોય. પણ જે વિષયમાં આચાર્ય શિલાલીએ સ્વતંત્ર અન્વેષણ કર્યું અને પોતાની પ્રતિભાથી જે નવા વિષયનુ અધ્યયન કરાવ્યું તે વસ્તુત: નટસૂત્ર અથવા નાટ્યવિદ્યાનોજ વિષય હતો. એ સમજી શકાય એવી વાત છે કે આવા પ્રતિભાશાળી આચાર્યની પાસે જ્ઞાન મેળવવા આવનાર વિદ્યાર્થીઓ, શિષ્યો વૈદિક ગ્રન્થનું અધ્યયન કરવા માટે ન જ આવ્યા હોય પણ આચાર્ય દ્વારા ઉપજ્ઞાત નાટ્યશાસ્ત્ર અથવા નટસૂત્રોનું અધ્યયન કરવા માટેજ આવ્યા હશે.... ભિક્ષુ તથા નટ સૂત્રોને પણ છન્દ અને શાસ્ત્ર ગ્રંથોની જેમ ઉંચુ સ્થાન પ્રાપ્ત થયું ( ભિક્ષુનટસૂત્રયો: છન્દસ્ત્વમ્ -કાશિકા) પાણિનિ સ્વયં એક વાતનો સંકેત આપે છે કે વૈદિક ચરણોના ધર્મ અને આમ્નાય ગ્રંથોની જેમ નાટ્યવિદ્યાને પણ પ્રતિષ્ઠા મળી હતી. સૂત્ર ૪/૩/૧૨૯ માં પાણિનિ છાન્દોગ, ઔકિથક, યાજ્ઞિક અને વહ્વચ વિગેરે વેદકાલીન સંસ્થાઓની સાથે નટ શબ્દનો ઉલ્લેખ પણ કરે છે. નટોના ધર્મ અને આમ્નાય બંને નાટ્ય કહેવાયા.

નટસૂત્રોના નિર્માતા, કૃશાશ્વ અને શિલાલિના ચરણો અથવા સંપ્રદાયોનો વિકાસ અલગ અલગ રૂપે થયો. કૃશાશ્વ પરંપરાના અનુયાયીઓ કૃશાશ્વિન અને શિલાલી પરંપરાના અનુયાયીઓ શૈલાલિન કહેવાયા. કૃશાશ્વની સરખામણીમાં શિલાલિની પરંપરા વધારે પ્રચલિત બની હોવાનું જણાય છે કારણ કે પતંજલિના મહાભાષ્યમાં તેમજ અન્ય પશ્ચાદકાલીન ગ્રંથોમાં શૈલાલિનોની ચર્ચા વિશેષ છે. સ્વયં ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં નટોને શૈલાલક કહયા છે. કેટલાક વિધ્વાનોનું માનવું છે કે શિલાલિ કૃત નટસૂત્રોનો સમાવેશ પ્રતિસંસ્કરણની પ્રકિયાથી -કોઇપણ મહત્વનો શાસ્ત્રીય ગ્રંથ સર્વથા લુપ્ત ન થઇ જતા તે પછીના ગ્રંથમાં વિલીન થઇ

જતો, આ સાંહિત્યિક પ્રથા પ્રતિસંસ્કાર કહેવાતી - ભરતના નાટ્યશાસ્ત્રમાં થયો જેમ અગ્નિવેશના આયુર્વેદ ગ્રંથનો ચરકસંહિતામાં સમાવેશ થયો. અમરસિંહના અમરકોશ (૨/૧૦-૧૨) માં શિલાલિના નટસૂત્રોનું પ્રવર્તન જયાજીવ જાતિના લોકોએ અને કૃશાશ્વના નટસૂત્રોનું પ્રવર્તન શૈલૂષ લોકોએ કર્યું હોવાનો ઉલ્લેખ છે.

આધુનિક વિધ્વાનોની માન્યતા :

કેટલાક આધુનિક વિધ્વાનો પાણિનિએ ઉલ્લેખેલા નટસૂત્રોને નટવિદ્યાના તો કેટલાક તેને નૃત્તવિદ્યાના ગ્રંથો હોવાનું જણાવે છે.

સિલ્વાન લેવી અને ક્રોન્ટ આ નટસૂત્રોને નટવિદ્યાના ગ્રંથ હોવાનું કહે છે જ્યારે વેબર અને કોનો અને એ બેઉને અનુસરી કીથ નિટ્ એ નૃતનું પ્રાકૃત સ્વરુપ હોવાનું માની નટસૂત્રોને માત્ર નૃત્તવિદ્યાના ગ્રંથો માને છે. શ્રી કીથ નટસૂત્રોમાંનો નટ શબ્દ મૂક અભિનય Pantomime કરનારના અર્થમાં પ્રયોજાયો હોવાનું જણાવે છે. રામાયણના અયોધ્યાકાંડમાં નાટકો અને હાસ્યોના ઉલ્લેખ છે. રામાયણની પૂર્વે ચાર-પાંચ સદીમાંજ થયેલા પાણિનિને 'નાટક' અજાણ્યું ના હોય એવા તર્કના આધારે શ્રી કે.કા.શાસ્ત્રી પાણિનિને નટસૂત્રોથી નાટ્યવિદ્યાના ગ્રંથો અભિપ્રેત હોવાનું જણાવે છે. અષ્ટાધ્યાયી ૪.૩.૧૨૯ માં જેમ છન્દોગનો ધર્મ અને આમ્નાય 'છાન્દોગ્ય' કહેવાયા તેમ નટોનો ધર્મ અને આમ્નાય તે નાટ્ય કહેવાય એવો નિર્દેશ છે. તેના આધારે શ્રી તપસ્વી નાન્દી નાટ્ય પાણિનિના સમયમાં જાણીતું હોવાનું જણાવે છે. ડો.કપિલા વાત્સ્યાયન કૃશાશ્વ અને શિલાલી શબ્દો નાટ્યવિદ્યાનું પ્રશિક્ષણ આપતી શિક્ષણ સંસ્થાઓ Schools of dramaturgy - ના અર્થમાં પ્રયોજાયા હોવાનું જણાવે છે. પાણિનિ નર્તક અને નાટ્ય એ બંને એક બીજાથી અલગ હોવાનું અસંદિગ્ધપણે જણાવે છે અને નૃત્યને એક પ્રકારનું 'શિલ્પ' હોવાનું કહે છે તેના આધારે ડો.કપિલા વાત્સ્યાયન આ વિધાન કરે છે.

શ્રી કોનો વિગેરે વિધ્વાનોનું એવું પણ અનુમાન છે કે ભરતના નાટ્યશાસ્ત્રની રચના થવાથી આ સૂત્રોનો સમાવેશ તેમાં થઇ ગયો અને તે લુપ્ત થઇ ગયા જેમ પાણિનિના

પુરોગામી વૈયાકરણોના ગ્રંથોનો સમાવેશ અષ્ટાધ્યાયીમાં થવાથી તે લુપ્ત થઇ ગયા. ડો.વાસુદેવશરણ અગ્રવાલ પણ શિલાલિના નટસૂત્રોનો સમાવેશ ભરતના નાટ્યશાસ્ત્રમાં થયો હોવાનું કહે છે. શિલાલિન અને કૃશાશ્વ દ્વારા જે ચરણોનો વિકાસ થયો તેને આમ્નાયવત્ પવિત્રતા મળી. નાટ્યશાસ્ત્રને પણ આમ્નાયવત્ માનવામાં આવ્યું છે તેના આધારે શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી ભરતમુનિને નટસૂત્રો શાસ્ત્ર પરંપરાથી વારસામાં મળ્યા હોવાનું અનુમાન કરે છે. ડો.કપિલા વાત્સ્યાયન ભરતનું નાટ્યશાસ્ત્ર એ શિલાલિની નાટ્યવિદ્યાપીઠનું સર્જન હોવાનું જણાવે છે. ( It seems that 'Bharata's Natya Shastra was the product of the dramatic School of Silalin )

શ્રી રસિકલાલ છો.પરીખ જણાવે છે કે પાણિનિના સમયમાં નટસૂત્રો હોય તો તે પહેલા નાટ્યકલા હોવી જોઇએ એ અનુમાન વધારે પડતું ન કહેવાય. આ નટસૂત્રોમાં નટોએ અભિનય કેમ કરવો તે ઉપરાંત સાહિત્યની દૃષ્ટિએ નાટક કેવું હોય એ ચર્ચા હશે કે નહી તે કહી શકાય નહી. પણ અભિનય માટે અભિનેય અર્થ શિષ્ટ સાહિત્યના રુપમાં નહિ તો લોકપ્રચલિત કથા, આખ્યાયિકા રુપે હશે એમ કલ્પના કરવી શકય છે.

## તા ર વ ણી

પાણિનિએ ઉલ્લેખેલા નટસૂત્રો એ નાટ્યવિદ્યા સાથે તેમજ નટની અભિનયકળા સાથે સંકળાયેલ સૂત્ર સ્વરુપના ગ્રંથો હશે પણ હાલ તે ઉપલબ્ધ ન હોવાથી તેના સ્વરુપ તેમજ વર્ણ્યવિષય સંબંધી કશી નક્કર વિચારણા થઇ શકે નહીં.